ગાંધીનગર શહેરમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા માટેની સઘળી તૈયારીઓ પૂર્ણ થઈ ચૂકી છે. અષાઢી બીજના રોજ વહેલી સવારથી રથયાત્રાનો પ્રારંભ કરવા માટે અને આ રથયાત્રાને આવકારવા માટે પણ સૌ તૈયાર છે. રથની સજાવટથી માંડીને પ્રસાદ વિતરણ અને સુરક્ષા સુધીની તૈયારીઓને મંગળવારે આખરી ઓપ આપી દેવામાં આવ્યો હતો. દર વર્ષની જેમ આ વર્ષે પણ રથયાત્રા યાદગાર બની રહેશે એ નિશ્ચિત છે. (તસવીર : દીપક જાની)

આધારકાર્ડના અભાવે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મળતી નથી !

આધારકાર્ડ સરળતાથી મળતું નથી અને પુરાવા તરીકે ફરજિયાત રજુ કરવું પડે છે

ગાંધીનગર, તા.૯

એસ.સી. એસ.ટી.ના વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિ મેળવવા આધારકાર્ડ ફરજિયાત રજુ કરવું પડતું હોવાથી ઘણા ખરા સ્ટુડન્ટસને આ લાભથી વંચિત રહેવું પડે છે. આધારકાર્ડ સરળતાથી ઉપલબ્ધ થતું નથી ત્યારે નાગરિકોના અન્ય પુરાવાઓ પણ માન્ય રાખવાની વ્યવસ્થા ગોઠવવા પ્રબળ માંગ કરવામાં આવી છે. જિલ્લામાં આમ નાગરિકોને સરળતાપૂર્વક આધાર કાર્ડ ઉપલબ્ધ થતા નથી. સમય અને શકિત કામે લગાડયા પછી પણ આધારકાર્ડ મેળવવાની પ્રક્રિયા શિરદર્દ સમાન બની હોવાનો જનઆક્રોશ પ્રબળ બન્યો છે. આ સ્થિતિને ધ્યાને લઈ અગાઉ જિલ્લા કલેકટર સમક્ષ પણ રજૂઆત કરવામાં આવી હતી. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બુચના જણાવ્યા મુજબ આધાર કાર્ડને જ પાત્ર પુરાવા તરીકે માન્યતા આપવાને બદલે ચૂંટણી વેળાએ પણ અન્ય ૧૮ વિકલ્પોને પુરાવા તરીકે માન્ય ગણાતા હતા તે મુજબ વ્યવસ્થા કરવી જોઈએ જેથી આધારકાર્ડ ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી રહેઠાણ, શિષ્યવૃત્તિ, બેંક એકાઉન્ટ સહીતની કાર્યવાહીમાં નાગરિકોને મુશ્કેલી વેઠવી પડે નહીં. ઝૂંપડપટ્ટીમાં રહેતા નિરાધાર વિદ્યાર્થીઓને પણ પ્રવેશથી લઈ એમ.એમ.પી. સ્ટુડન્ટસને મળતી શિષ્યવૃત્તિ મેળવવામાં પણ આધારકાર્ડના અભાવે હાલાકી ભોગવવી પડેછે. જયારે કોઈક કિસ્સામાં વિદ્યાર્થી લાભતી વંચિત રહી જાય છે. શિક્ષણ વિભાગે પણ આ મામલે ગંભીરતા દાખવી યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવી જોઈએ. વધુમાં નાગરિકોને સરળતાથી આધારકાર્ડ ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા પણ મહામંડળે રજૂઆતમાં જણાવ્યું છે.

વરસાદ માનવજીવન માટે જેમ જીવદાયી છે એમ રસદાયી પણ છે. વરસાદની ઋતુમાં ને એમાંય વરસતા વરસાદમાં મકાઈ ડોડા, ઓળા કે પછી ગરમાગરમ ભજિયાં ને દાળવડા ખાવાનો આનંદ કંઈક ઓર જ છે. (તસવીર : કશ્યપ નિમાવત)

એસ.ટી.ડેપોમાં આડેધડ પાર્ક કરેલા વધુ ૨૫ બાઈક ડીટેઈન

વાહન ચોરી અને અડચણરૂપ પાર્કિંગ બંધ થાય તે માટે થયેલી કડક કાર્યવાહી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર એસ.ટી. ડેપોમાં પાર્કીંગ સિવાય બહાર આડેધડ પાર્ક કરીને ચાલ્યા ગયેલા મુસાફરોના બાઈકો નડતરરૂપ પણ બને છે અને વાહનચોરીનો ભય પણ રહે છે આને પગલે ડેપોમાં આડેધડ પાર્ક કરેલ બાઈકોને ટૉ કરી તમામ બાઈક ચાલકોને પાવતી પકડાવવાની ઝુંબેશ શરુ થઈ છે. આજે ડેપોમાંથી વધુ ૨૫ બાઈકો ડીટેઈન કરવામાં આવ્યા છે. સે-૭ પોલીસે તમામ બાઈક ચાલકોને દંડ ફટકાર્યા છે.

પથિકાશ્રમ એસ.ટી. ડેપોમાંથી થોડા દિવસ અગાઉ પાર્કિંગની બહાર મુકેલા ૫૦થી વધુ બાઈકોડિટેઈન કરવામાં આવ્યા હતાં. બે દિવસ અગાઉ કોલેજ સંકુલ બહારથી ૩૫ જેટલા બાઈક ટોઈંગ કરીને તમામને દંડ ફટકારવામાં આવ્યો હતો. દરમિયાન આજે ગાંધીનગર એસ.ટી.ડેપો પાર્કીંગની બહાર નડતરરૂપ પાર્ક કરેલા બાઈકોને ટોઈંગ કરવામાં આવ્યા હતાં. ડેપોમાંથી ૨૫ જેટલા બાઈકો પોલીસે ડીટેઈન કરીન તમામને દંડની પાવતીઓ પકડાવી કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

લીંબડીયા કેનાલમાંથી અજાણ્યા યુવાનનો કોહવાઈ ગયેલો મૃતદેહ મળી આવ્યો

બિનવારસી મૃતદેહ પી.એમ. કરાવી ડભોડા પોલીસે ઓળખ માટે દોડધામ શરૂ કરી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક આવેલી લીંબડીયા નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં એક અજાણ્યા આશરે ૪૦ વર્ષની વયના યુવાનનો તરતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. ત્રણ થી પાંચ દિવસ મૃતદેહ કેનાલનાં પાણીમાં પડયો રહ્યો હોવાની શકયતા કોહવાઈ ગયેલી હાલત પરથી વર્તાઈ રહી છે. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી ઓળખ માટે તજવીજ શરુ કરી છે.

કેનાલ સિકયુરીટી ગાર્ડને આજે બપોરના સુમારે પેટ્રોલીંગ દરમિયાન લીંબડીયા નર્મદા કેનાલમાંથી એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ દેખાતા તાત્કાલીક ડભોડા પોલીસને જાણ કરી બોલાવી લેવામાં આવી હતી. ડભોડા પોલીસ મથકના પીએસઆઈ પરમાર તથા એએસઆઈ શાહરભાઈ સહિતનો પોલીસ સ્ટાફ કેનાલે પહોંચી ગયો હતો. મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતાં તેની પાસેથી ઓળખ થાય એવા કોઈ આધાર પુરાવા મળી આવ્યા ન હતાં. આશરે ૪૦ વર્ષની ઉંમરના આ યુવાને શરીરે બ્લેક બેન્ટ અને આછા પીળા રંગનો લાઈનીંગવાળો શર્ટ પહેર્યો છે. મૃતદેહ ત્રણથી પાંચ દિવસ સુધી કેનાલના પાણીમાં પડયો રહ્યો હોય તેવું કોહવાઈ ગયેલા મૃતદેહ પરથી પોલીસનું માનવું છે. ડભોડા પોલીસે અકસ્માત મોતના ગુનાને આધારે તપાસ શરુ કરીને મૃતકની ઓળખ તથા તેના વાલીવારસની શોધખોળ માટે ગતિવિધિ તેજ કરી છે.

સમસ્ત બ્રહ્મસમાજ સે-૨ ઉના હોદ્દેદારોની વરણી

પ્રમુખ તરીકે મુકેશ શુકલ અને મંત્રી તરીકે મયંક ભટ્ટ ચૂંટાયા

ગાંધીનગર, તા. ૯

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર સેકટર-૨ ઉની તાજેતરમાં સાધારણ સભા મળી હતી. બેઠકમાં વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માટે સમસ્ત બ્રહ્મ સમાજના હોદ્દેદારો તથા કારોબારી સભ્યોની રચના કરવામાં આવી હતી. હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે મુકેશ શુકલ અને મંત્રી તરીકે મયંકભાઈ ભટ્ટની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

ગાંધીનગર શ્રી સમસ્ત બ્રહ્મસમાજની બેઠકમાં સમાજના હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે મુકેશ શુકલ, મંત્રી તરીકે મયંકભાઈ ભટ્ટની વરણી કરવામાં આવી હતી. અન્ય હોદ્દેદારોમાં અતુલભાઈ ત્રિવેદીની ખજાનચી તરીકે, પૂનમભાઈ ભટ્ટ, બિપીનભાઈ જાની, નરેન્દ્રભાઈ મહેતા, કેવલરામભાઈ જોશી, અશોકભાઈ પંડ્યા, ચિરાગ ત્રિવેદી, ઉપપ્રમુખ તરીકે અને તપન ત્રિવેદી, ચિંતન ભટ્ટ, જતીન જોષી સહમંત્રી તરીકે તથા અરવિંદભાઈ પંડ્યા, ઋષિકેશ મહેતા, પાર્થ ભટ્ટ, મૌલિક દવે, સુમિત વ્યાસ સંગઠન મંત્રી તરીકે અને કારોબારી સભ્ય તરીકે જીતુભાઈ રાવલ, મેહુલભાઈ દવે, મહેશભાઈ જાની, ભાગ્યેશભાઈ દવે, ગિરીશભાઈ ઠાકોર, આનંદ જોષી, પ્રશાંત જોષી, ધવલ રાવલ, રવિ રાવલ, ચિંતન જાની, હાર્દિક દવે, જીગર પંડ્યા, પ્રસાંત ઠાકર, મહેશભાઈ ઠાકર, કલ્પેશ જાની, અશ્વિનભાઈ મહેતા, ભાર્ગવ શુકલ, સી.આર. ત્રિવેદીની વરણી કરવામાં આવી છે. પંકજભાઈ શુકલ, મુકેશભાઈ દવે, પરેશભાઈ દવે, દિલીપભાઈ જાની, બંકિમચંદ્ર મહેતા, નરેન્દ્ર વ્યાસ અને પ્રદિપભાઈ દવેની સલાહકાર સમિતિ બનાવવામાં આવી છે.

લાયોનેસ કલબ દ્વારા દત્તક લેવાયેલી

સરકારી પ્રા. શાળા, સે-૮માં ઈકો કલબનો શુભારંભ : ફળાઉ વૃક્ષારોપણ

ગાંધીનગર, તા.૯

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા દત્તક લેવાયેલી સેકટર-૮ સરકારી પ્રાથમિક શાળામાં ઈકો કલબનો શુભારંભ કરાયો હતો. આ પ્રસંગે લાયોનેસ અને લિયો કલબ દ્વારા વનશ્રી ટ્રસ્ટના સહયોગથી વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.

લાયોનેસ કલબના પ્રમુખ શ્રીમતી આરતી ભટ્ટ, લિયો કલબના પ્રમુખ શ્રી રાજ ગોવડા, હોદ્દેદારો શ્રીમતી મીનાક્ષી જયસિંઘાણી, જયોતિબેન પંચાલ, વનશ્રી ટ્રસ્ટના શ્રીમતી અંજનાબેન નિમાવત અને મોટી સંખ્યામાં ઉપસ્થિત લાયોનેસ બહેનો અને લિયો યુવાનો દ્વારા સ્કૂલ કેમ્પસમાં જાંબુ, બોરડી આંબળા, જામફળ અને સીતાફળ જેવા ફળાઉ રોપાઓનું આરોપણ કરાયું હતું.

વનશ્રી ટ્રસ્ટના શ્રીમતી અંજનાબેન નિમાવતે બાળકોને પર્યાવરણ જાગૃતિ વિષે વિસ્તૃત સમજણ આપી હતી. શાળાના આચાર્ય શ્રીમતી રમીલાબેન મકવાણાએ સહુને આવકારીને વૃક્ષોના જતનની જવાબદારી લેવા બાળકોને અનુરોધ કર્યો હતો.

ગુજરાત ક્ષમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા બ્યુટી પાર્લર તાલીમ કોર્ષ યોજાયો

અમદાવાદ, તા. ૯

ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા બહેરામપુરા ખાતે જુદા જુદા તાલીમ અને અભ્યાસ કેન્દ્રો ચલાવવામાં આવે છે. તેના ભાગરૂપે બ્યુટી પાર્લર અને વસ્ત્ર પરિધાન માટેનો એક મહિનાનો તાલીમ કોર્ષનો પૂર્ણાહૂતિ કાર્યક્રમ તાજેતરમાં યોજાઈ ગયો. કાર્યક્રમમાં બોર્ડ તરફથી પ્રમાણપત્ર વિતણ અને પોતાનું બ્યુટી પાર્લર શરૂ કરી રોજગારી મેળવી શકે તે મુજબની એક 'કીટ' દલીત અને લઘુમતિ પરિવારની દીકરીઓને શામ સેવા ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવી હતી.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાનપદેથી શામ સેવા ફાઉન્ડેશનનાં ચેરમેન અને ગુજરાત રાજય લઘુઉદ્યોગ મહા મંડળના પેટર્ન ટ્રસ્ટી મગનભાઈ પટેલે જણાવ્યું હતું કે, બ્યુટી પાર્લરનો કોર્ષ ભલે નાનો છે પણ સામાન્ય ઘરની બહેનો માટે ખુબજ જરૂરીયાતનો છે.

આ પ્રસંગે બોર્ડના કમિશનર મુકેશભાઈ શાહે શ્રમયોગી કલ્યાણ બોર્ડની જુદી જુદી યોજના અંગેની કામગીરીની માહિતી આપી હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૯
સૂર્યાસ્ત : ૭.૧૮

તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૯૦ ટકા
વરસાદ ૪૭ મીમી

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ લોન રેન્જર(હિન્દી) : ૧૦.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
ધનચક્કર : ૧.૧૫

: સ્ક્રીન-૨ :
લૂટેરા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
રાંઝણા : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ફુકરે : ૬.૪૫

: સ્ક્રીન-૪ :
પોલીસગીરી : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૧૦.૧૫
ધનચક્કર : ૭.૧૫

સૂર્યા, વાવોલ

પોલીસગીરી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મંગલફેરા : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
લૂંટેરા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
પોલીસગીરી: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
ધનચક્કર : ૧૦.૩૦, ૭.૦૦
રાંઝણા : ૧.૧૫, ૧૦.૦૦
લૂંટેરા : ૪.૦૦

ચિરાગ, કલોલ

પોલીસગીરી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : મનમાં આજે નિષેધાત્મક વિચારોને પ્રવેશવા ન દેવાની ગણેશજી સલાહ આપે છે. ભૂમિ- સંપત્તિના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ થવાની સંભાવનાઓ છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ રહેશે.

વૃષભ : ગેરસમજ થતી હોય તો સ્પષ્ટતા કરવી જરૂરી છે. નકામો તનાવ, મુશ્કેલીઓ રહેવાની સંભાવના છે. નવા કાર્યો, વિચાર, યોજનાઓ થઈ શકે છે. આર્થિક વિવાદોથી નુકસાન થવાની સંભાવના રહેલી છે.

મિથુન : ઋણથી મુક્ત થઈ શકશો. મિત્રો અને કુટુંબિજનનો સહયોગ કાર્યમાં મળી રહેશે. આર્થિક લાભની તક મળી શકશે. તમારા કાર્યોની પ્રશંસા થશે.

કર્ક : તમારી મિલનસારીતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. વ્યવસાયિક લાભ અને સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની સંભાવના છે.

સિંહ : રમણીય સ્થળે પ્રવાય પર્યટનની શકયતા બને છે. મહત્વપૂર્ણ કાર્ય પર ખર્ચ થશે. લાભ મળવાના પ્રબળ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. શત્રુ, વિવાદ વગેરેમાં ખર્ચ થઈ શકે છે.

કન્યા : વેપાર-નોકરીમાં બઢતી થવાની સંભાવના છે. આજે આપને પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલ કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સંબંધોમાં સુધારો થશે.

તુલા : અધૂરા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતામાં વધારો થશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે. અને દિવસ પ્રસન્નતાથી પસાર થઈ શકશે.

વૃશ્ચિક : નવા સંબંધો સ્થપાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

ધન : લેખન કાર્ય માટે અનુકુળ દિવસ છે. ભાગીદારીમાં લાભ થાય. યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી આવી શકે છે.

મકર : સામાજિક અને રાજકીય ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રામનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકે છે.

કુંભ : વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકશે. ગુસ્સા પર કાબુ રાખવો.

મીન : મહત્વકાંક્ષા અનુસાર કાર્યપૂરા થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ આપના મનને પ્રસન્નતા અને પ્રગતિમાં સહાયક બની રહેશે. વિરોધીઓ પરેશાન કરી શકે છે. સાવચેતી રાખવી.

ચિરવિદાય

- સ્વ. અતુલકુમાર ચંદુલાલ મોદી (ઉ.વ.૪૫) હરીનગર સોસાયટી, મુ.પો. વાવોલ, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. શાંતાબેન ગૌરીશંકર શીલુ (ઉ.વ.૭૮) પ્લોટ નં. ૧૦૦૫/૧, સેકટર-૨/ડી, ગાંધીનગર.
- સ્વ. જુહી કલ્પેશકુમાર રાવલ (ઉ.વ. ૩) પ્લોટ નં. ૯૮૭/૧, સેકટર-૪/ડી, ગાંધીનગર.
- સ્વ. જીવણલાલ છગનલાલ ચાવડા (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૧૧૪૨/૨, સેકટર-૨/ડી, ગાંધીનગર.
- સ્વ. કોદરભાઈ સામંતભાઈ પટેલ(ઉ.વ.૭૧) મુ.પો. હાલીસા, તા. દહેગામ, જિ. ગાંધીનગર.